ફર્લો/પેરોલ મંજૂર કરવા બાબત.

# ગુજરાત સરકાર
## ગૃહ વિભાગ
**ક્રમાંકઃજલક-૩૯૨૦૧૪-HC-૩૮-જ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખઃ૦૮/૧૨/૨૦૧૪**

**વંચાણે લીધાઃ**
ગૃહ વિભાગના તા.૨૯/૦૬/૨૦૧૨ના પરિપત્ર ક્રમાંકઃજલક/૩૯૨૦૧૨/મંત્રી-૭૮/જ
ગૃહ વિભાગના તા.૦૪/૧૦/૨૦૧૪ના પરિપત્ર ક્રમાંકઃજલક/૩૯૨૦૧૪/મંત્રી-૭૮/જ

## પરિપત્રઃ

રાજ્યની જેલોમાં સજા ભોગવી રહેલ કેદીઓને મળવાપાત્ર ફર્લો તથા પેરોલ બાબતમાં નિયત સમયમાં સક્ષમકક્ષાએથી યોગ્ય નિર્ણય લેવામાં આવેલ ન હોઇ અને ઘણા લાંબા સમયથી કેદીઓની ફર્લો તથા પેરોલ બાબતે પડતર રહેલ અરજીઓ અનુસંધાનમાં નામ.ગુજરાત હાઇકોર્ટમાં રાજ્ય સરકાર વિરુદ્ધ દાખલ થયેલ સુઓ મોટો રીટ પીટીશન (પીઆઇએલ) નં.૨૬૦/૨૦૧૪માં તા.૧૩/૧૧/૨૦૧૪ના રોજ ખંડપીઠ દ્વારા આપવામાં આવેલ ચૂકાદામાં કેદીઓની ફર્લો તથા પેરોલ અંગેની અરજી યોગ્ય નિર્ણય વગર લાંબા સમય સુધી પડતર રાખવાની બાબતને ઘણીજ ગંભીરતાથી લેવામાં આવેલ છે.

૨. ફર્લો મંજૂર કરવા માટે જેલ સત્તાધિકારી તરફથી સંબંધિત પોલીસ સત્તાધીશોનો અભિપ્રાય મેળવવામાં આવે છે. પ્રસ્તુત અભિપ્રાય ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ના નિયમ ૩૮૯માં સુનિશ્ચિત કરવામાં આવેલ સમયાવધિની અંદર સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મારફતે મોકલવાનો રહે છે. પરંતુ પ્રસ્તુત પ્રાવધાનનું પાલન થતું ન હોવાના પરિણામે ફક્ત યોગ્ય અભિપ્રાય ન મળવાના કારણે ફર્લોની અરજી અનિર્ણિત રહેવા પામેલ છે. તે જ રીતે પેરોલ મંજૂર કરનાર સક્ષમ સત્તાધીશ પાસે ઘણા લાંબા સમયથી પેરોલ અંગેની કેદીની અરજીઓ અનિર્ણિત રાખવામાં આવેલ છે. જેના પરિણામે નામ.હાઇકોર્ટમાં થયેલ પીટીશનો તેમજ જાહેર હિતની પી.આઇ.એલ.માં રાજ્ય સરકારે ક્ષોભજનક સ્થિતિમાં મૂકાવાના પ્રસંગો ઉપસ્થિત થયેલ છે. આ ઘણી જ ગંભીર બાબત છે. પ્રસ્તુત બાબતને નામ.ગુજરાત હાઇકોર્ટ રીટ પીટીશન (પીઆઇએલ) નં.૨૬૦/૨૦૧૪માં તા.૧૩/૧૧/૨૦૧૪થી આપેલ ચૂકાદા મુજબ પડતર રહેલ ફર્લો તથા પેરોલ અંગે વહેલી તકે યોગ્ય નિર્ણય લઇ નિકાલ કરવા માટેની આખરી તક આપવામાં આવેલ હોઇ તે ધ્યાને લઇ ૧૫ દિવસ ઉપરની ફર્લો તથા પેરોલની અરજીઓનો તાત્કાલિક યોગ્ય નિકાલ કરવા સર્વે સત્તાધીશોને જણાવવામાં આવે છે.

૩. પેરોલ અને ફર્લો નિયત સમયમર્યાદામાં મંજૂર થાય તે જોવાની જવાબદારી સંબંધિત જેલના અધિક્ષકની રહેશે. આ માટે દરેક જેલ અધિક્ષકે પેરોલ અને ફર્લો અંગેની અરજીનો સમયમર્યાદામાં નિકાલ થાય તેની દેખરેખ માટે અલગથી રજીસ્ટર નિભાવવાનું રહેશે. નિયત સમયમર્યાદામાં પેરોલ અને ફર્લો અંગેની અરજીઓનો નિકાલ ન થાય તો તેની યાદી જેલોના

ઇન્સ્પેક્ટર જનરલશ્રીને રજૂ કરવાની રહેશે, અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રીએ ઉક્ત યાદી પેરોલ/ફર્લોની અરજીઓ પડતર રહેવાના સ્પષ્ટ કારણો સહિત સંકલિત કરી સરકારશ્રીમાં રજૂ કરવાની રહેશે.

૪. ફર્લો તથા પેરોલ અંગે મેળવવાનો થતો અભિપ્રાય સંબંધિત પોલીસ સત્તાધીશોએ ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ના નિયમ ૩૮૯માં થયેલ પ્રાવધાન મુજબ નિયત સમયમાં સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મારફતે મોકલી આપવાનો રહેશે. નિયત પ્રાવધાનની અમલવારી કરવામાં વિલંબ થયેથી ગુજરાત પોલીસ મેન્યુઅલ ભાગ-૩ના નિયમ ૩૮૯(બી)ના પેટા નિયમ (iii) હેઠળ સંબંધિત સત્તાધીશ વિરુદ્ધ યોગ્ય કાર્યવાહી માટેના અહેવાલ પ્રાપ્ત થયેથી આગળની યોગ્ય કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની સર્વે સંબંધિત સત્તાધાકારીએ નોંધ લેવી.

૫. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી પાસેની પેરોલ અંગેની રજૂઆતો બિનજરૂરી પડતર ના રહે અને સમયસર તેનો યોગ્ય નિકાલ કરવામાં આવે તે માટે ખાસ તકેદારી રાખવાની રહેશે. સંબંધિત જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી દ્વારા પેરોલ અંગેની અરજી અન્વયે નિયત સમયમર્યાદામાં નિર્ણય નહીં લેવા અંગેની બાબત સરકારશ્રીના ધ્યાન ઉપર આવ્યેથી સંબંધિત વિરુદ્ધમાં ખાતારાહે કાર્યવાહી કરવામાં આવશે.

૬. ભવિષ્યમાં ફક્ત ફર્લો/પેરોલની બાબત અનિર્ણિત રહેવાને કારણે કોઇ કોર્ટ મેટર ઊભી ના થાય તે માટે સર્વે સત્તાધીશોએ યોગ્ય કાળજી લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જયશંકર ઓધવાણી)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(મહેસૂલ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- રજિસ્ટ્રારશ્રી, નામ.ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ (પત્ર મારફતે)
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
- અધિક પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
- સર્વે રેન્જ અધિકારીશ્રી,
- સર્વે જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી,
- સર્વે પોલીસ કમિશ્નરશ્રી,
- સર્વે પોલીસ અધિક્ષકશ્રી (પ.રેલવે સહિત),
- સર્વે જેલ અધિક્ષકશ્રી (જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી મારફત),
- આચાર્યશ્રી, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ,
- સર્વે સંયુક્ત/નાયબ/ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે શાખા અધિકારીશ્રીઓ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ /નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ / શાખા સિલેક્ટ ફાઇલ